Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

જેઠ અષાડ

પુસ્તક ૯૧ મું અંક-૮

૭ મી જુલાઈ ૧૯૭૪



જેઠ અષાડ

વીર સંવત ૨૫૦૦

વિક્રમ સંવત ૨૦૩૦

સભાની ત્ર્યાંણુમી વર્ષગાંઠ શ્રાવણ શુદ ૩ના દિવસે ઉજવવામાં આવશે.

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका



| ક્રમ | લેખ | લેખક | પા.નં. |
|---|---|---|---|
| ૧. | હિંદનો વ્યાપાર (ગઝલ) | ....સંગ્રાહક : બળવંત | ૩ |
| ૨. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૪ |
| ૩. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૫ |
| ૪. | વિશ્વોદ્ધારક-ભગવાન મહાવીર | ....પૂ૦ આ૦ અશોકચંદ્રસૂરિ | ૭ |
| ૫. | પરમપદ પંથ | ....પ્રયોજક : પોપટલાલ સાકળચંદ | ૧૦ |
| ૬. | પ્રકીર્ણક વિષયો | ....લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧ |
| ૭. | વિશ્વમાન્ય ધર્મ (દોહરા) | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૫ |
| ૮. | મુક્તિકા સરલ માર્ગ | ....શોરીલાલભાઈ | ૧૬ |



## સભાની વર્ષગાંઠ નિમિતે

માનવંતા સભ્યોને જણાવવાનું કે જે સંવત ૨૦૩૦ ના શ્રાવણ શુદ ૩ ને સોમવાર તા. ૨૨-૭-૭૪ ના સભાની ત્રાણુંમી વર્ષગાંઠ નિમિતે સવારના ૯-૩૦ (સાડા નવ) વાગે સભાના હોલમાં પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવશે તો સર્વે સભ્યોને પધારવા વિનંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૦ મું
અંક ૮ મો | અષાડ | વીર સં. ૨૫૦૦
વિક્રમ સં. ૨૦૩૦

## હિંદનો વ્યાપાર

(ગઝલ)

જતાં વેપાર પર હાથે, દશા થઇ હિંદની તેમાં,
મળે છે કાંકરા આજે, થતું સોનું હતું જેમાં.-મળે છે-૧

સોનું તો સપનું થયું, લોઢાનોય દુકાળ,
છ કરોડથી અધિક તે, ખેંચી જાય દર સાલ.
નથી સોનું નથી લોઢું, નફો તો ક્હો રહ્યો કેમાં?-મળે છે-૨

સિગારેટ તંબાકુએ, નાની ચીજ જણાય,
છતાં ચળકતા રૂપિયા, અંધ કોઇ લઈ જાય.
દીધા પૈસા બળ છાની, નફો શું મેળવ્યો તેમાં?-મળે છે-૩


પાણી મૂલે ચામડાં, વિલાત અહીંથી જાય,
ખુંટ પકડવા હિંદીની, બુટ બની આવે આંય.
અરેરે! રૂપિયા લઇ જાય, જોડા મારીને તેના.-મળે છે-૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



છેવટે "બળથી કે છળથી હું તેનું જરૂર હરણ કરીશ." આ પ્રમાણે ચિંતવીને રૂપનું પરાવર્તન કરે તેવી શેમુષી નામની વિદ્યાનું તેણે સ્મરણ કર્યું. અને પછી તે ચક્રાંક રાજાના પુત્રે ક્ષુદ્રહિમાચલની ગુફામાં રહી તે વિદ્યા સાધવાનો આરંભ કર્યો.

અહીં સૂર્ય જેમ પૂર્વગિરિના તટમાંથી નીકળે તેમ રાવણ દિગ્વિજય કરવાને માટે લંકાપુરીથી બહાર નીકળ્યો. બીજા દ્વીપોમાં રહેનારા વિદ્યાધરો અને રાજાઓને વશ કરીને તે પાતાલ લંકામાં આવ્યો. ત્યાં રહેલા સૂર્પણખાના પતિ ખર વિદ્યાધરે મૃદુ ભાષણપૂર્વક ભેટો આપીને સેવકની જેમ રાવણની સવિશેષ પૂજા કરી. પછી ઇંદ્રરાજાને જીતવાની ઇચ્છાએ ચાલતા રાવણની સાથે તે ખર વિદ્યાધર ચૌદ હજાર વિદ્યાધરોથી પરવર્યો સતો ચાલ્યો. તે વખતે સુગ્રીવ પણ પોતાની સેના લઇને વાયુ પછવાડે અગ્નિની જેમ બળવાન રાક્ષસપતિ રાવણની પછવાડે ચાલ્યો. અસંખ્ય સેનાથી ભૂમિ અને અંતરીક્ષના મધ્ય ભાગને રુંધી દેતો રાવણ સમુદ્રની પેઠે ઉદ્ભ્રાંત થઈ અસ્ખલિતપણે ચાલવા લાગ્યો.

આગળ ચાલતા વિંધ્યગિરિ ઉપરથી ઉતરતી ચતુર કામિનીની જેવી રેવા નદી તેના જોવામાં આવી. તે શબ્દ કરતી હંસશ્રેણીથી જાણે કટિમેખલા બાંધી હોય તેવી દેખાતી હતી, વિશાળ તટ ભૂમિવડે તે નિતંબથી શોભિત હોય તેવી જણાતી હતી, અતિ ભંગુર તરંગોથી કેશને ધારણ કરનારી હોય તેવી દૃશ્યમાન થતી હતી અને વારંવાર ઉછળતાં માછલાંઓના સ્ફુરણથી જાણે કટાક્ષ છોડતી હોય તેવી લાગતી હતી. આવી રેવા નદીના તીર ઉપર યુથથી વિંટાયેલા હસ્તિપતિની જેમ રાવણે સૈન્ય સહિત પડાવ કર્યો.

ત્યાં રાવણ રેવા નદીમાં સ્નાન કરી, બે ઉજ્જવળ વસ્ત્ર પહેરી અને સમાધિ વડે દૃઢ આસન કરીને બેઠો અને મણિમય પટ્ટ ઉપર રત્નમય અર્હંતબિંબનું સ્થાપન કરી, રેવાના જળથી તેમને સ્નાન કરાવી તેના વિકાસી કમળોવડે પૂજન કરવાનો આરંભ કર્યો. એ પ્રમાણે તે પૂજામાં વ્યગ્ર થઈ રહ્યો હતો. (ક્રમશઃ)



For Private And Personal Use Only

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

(ગયા અંકથી ચાલુ)

લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય સદૈવાનેકોટિંન નમન



શરીર પ્રમાણ એક ગાઉનું હોય છે, બીજે દિવસે ભોજન કરનારા હોય છે. તે પણ જેમ જેમ કાળ ચાલ્યો જાય છે તેમ તેમ હાની પામતો જાય છે. પૃથ્વીની મીઠાશ, જલનું માધુર્યપણું શરીર અને આયુષ્યનું પ્રમાણ ન્યુન થતું જાય છે, કલ્પવૃક્ષનો મહિમા પહેલા કરતા ઓછો થાય છે.

ત્રીજા આરાના અંતમાં પલ્યોપમના દહમા ભાગ જેટલું આયુષ્યવંત અને નવસે ધનુષ્યના શરીરનું પ્રમાણ એવું એક યુગલીક જોડકું આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયું. વજ્રઋષભનારાચ શરીર અને સમચતુરસ્ર સ્થાન એવું તે યુગલ દેવતાની માફક સુખ ક્રીડા કરતું આનંદ કરતું હતું, એક વખતે કોઈ હસ્તી ફરતો ફરતો તે યુગલીક પુરૂષ પાસે આવ્યો, તેને જોઈને પૂર્વના રૂણાનુબંધે કરીને ગજરાજને સ્નેહ ઉત્પન્ન થયો જેથી પોતાની સૂંઢથી તેને સુખ થાય તેવી રીતે સ્પર્શ કરીને આલીંગન કરીને ઇચ્છા નહીં થતાં તેને પોતાની સૂંઢ ઉપર બેસાર્યો, એક બીજાના દર્શનથી થોડા વખતના થયેલા પરિચયની જેમ તેને પૂર્વજન્મનું જોઈને બીજા અનેક યુગલીઆઓ તેને ઇંદ્રની જેમ જોવા લાગ્યા, આસપાસ મળેલા બધા યુગલીઆઓ તેને "વિમલવાહન" એવા નામથી બોલાવા લાગ્યા ત્યારથી જાતિસ્મરણે કરીને સર્વ પ્રકારની વ્યવહાર નીતિને જાણનારો તે સર્વનો રાજા થયો અર્થાત સર્વ યુગલીઆએ તેને અધીક માન સન્માન આપવા લાગ્યા. કાળના દોષ કરીને કલ્પવૃક્ષોનો પ્રભાવમંદ થયેલો હોવાથી યુગલીઆઓ કલ્પવૃક્ષ પાસેથી ઓછું ઓછું અને વિરલ મળવા લાગ્યું, જેથી કલ્પવૃક્ષો ઉપર યુગલીઆઓને મમતા થવા લાગી, અને એક યુગલીઆએ સ્વીકાર કરેલા કલ્પવૃક્ષોને બીજો યુગલીક આશ્રય કરે તો પ્રથમનો યુગલીક પોતાનો મોટો પરાભવ થયો હોય તેમ માનવા લાગ્યો એમ એકબીજાનો પરાભવ નહીં સહન કરવાથી સર્વે યુગલીકોએ વિમલવાહનને પોતાના સ્વામી તરીકે માન્ય રાખ્યો. અને તેની પાસે યુગલીઆએ ફરીયાદ કરવાને આવવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે વિમલવાહનના સમયમા ત્રીજા આરાને અને આ ભરતક્ષેત્રમાં યુગલીક મનુષ્યોમાં કંઈક કષાયની પ્રવૃત્તિ થતી જોવામાં આવી, તે અનુક્રમે વૃદ્ધિ પામતી જ ચાલુ રહી, જેથી જાતિ સ્મરણ પામેલા વિમલવાહનને વૃદ્ધપુરુષો જેમ પોતાની લક્ષ્મી કુટુંબીજનોને વહેંચી આવે તેમ યુગલીઆઓને કલ્પવૃક્ષો વહેંચી આવ્યા અને જો કોઈ યુગલીયુ બીજાના કલ્પવૃક્ષ પાસે જતું અને મર્યાદાનો ત્યાગ કરતું તો તેને શિક્ષા કરવાને વિમલવાહનનો 'હું તેં દુષ્કાર્ય કર્યું ?' એટલા જ યુગલીઆને મરવા કરતા અધિક લાગતું. જેથી કોઇ યુગલીક તેની મર્યાદાને ઉલ્લંઘન કરતા નહી. ધન્ય છે આવી મર્યાદા સાચવનારને પણ.

છ માસ આયુષ્ય બાકી રહ્યું હોય ત્યારે વિમલવાહનને મધ્યશાસ્ત્રીથી એક યુગલીક ઉત્યન્ન થયું. પ્રથમ સંઘ પણ અને પ્રથમ સંસ્થાનવાળા અને અસંખ્યાત પૂર્વના આયુષ્યવાળા થયા. ચક્ષુષ્માન અને ચંદ્રકાંતા એવા નામ પાડયા. છે મારા પર્યંત અપત્ય પાલના કરી વિમલવાહન ભુવનપતિની સુવર્ણકુમાર જાતિમાં દેવ થયો અને ચંદ્રકાંતાનાગકુમાર દેવલોકમાં દેવી પણે ઉત્પન્ન થઇ, પેલો હાથી પણ મરણ પામીને નાગલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

વિમલવાહન પછી સર્વ યુગલીકોએ ચક્ષુષ્માનને સ્વામી તરીકે કલપ્યો, તે પણ હાકાર નીતિ જ ચલાવતો હતો. છ માસ શેષ રહે છે યશસ્વી અને સુરૂપાએ જોડકુ ઉત્પન્ન થયું. જયારે તેમ અંકુરાનું ઉલ્લંઘન થવા લાગ્યુ ત્યારે યશસ્વી મા એવી તિરસ્કાર સૂમકમાકાર નીતિ દાખલ કરી કેમકે એક ઔષધી રોગ સાધ્ય ન થાય તો બીજુ ઔષધ આપવું જોઈએ. તેવી રીતે "હા"કાર પછી "મા"કાર વધારવા લાગ્યા.

આયુષ્યના પ્રાંત ભાગે અભિચંદ્ર અને પ્રતિરૂપા નામે યુગલ યશસ્વીને ઉત્પન્ન થયું. માતા પિતાથી કાંઇક અલ્પ આયુષ્યવાળા અને સાડા છસે ધનુષ્યબાણ દેહવાળા તેઓ થયા માત પિતા દેવલોકમાં ઊત્પન્ન થયા, અભિચંદ્ર પણ પિતાની જ નીતિ ચાલુ રાખી હતી. તે પછી તેને પ્રસેનજીત અને ચક્ષુકાંતા નામે યુગલ માતાપિતાથી કાંઇક ન્યુન આયુષ્યવાળા અને શરીરવાળા થયા પિતાની પેઠે પ્રસનજીત પણ યુગલીકનો રાજા થયો આ વખતે યુગલીકો હાકાર માકાર નીતિનો પણ અનાદર કરવા લાગ્યા. ત્યારે પ્રસન્નજીતે "ધિક્કાર" એવી ત્રીજી નિતિ દાખલ કરી! અંકુશથી જેમ હાથીને શિક્ષા કરે તેમ ત્રણે નીતિથી યુગલીઆઓને શિક્ષા કરવા લાગ્યો કાળાંતરે તેમને મરૂદેવ અને શ્રીકાંતા નામે યુગલ સાડા પાંચસે ધનુષ્ય પ્રમાણ શરીરવાળુ ઉત્પન્ન થયું. અને માતપિતા દેવલોક ગયા. પિતાની નીતિ પ્રમાણે મરૂદેવ યુગલીકો પર સામ્રાજ્ય ચલાવવા લાગ્યો, તે પછી તેમને મરૂદેવા અને નાભિ નામે યુગલીક ઉત્પન્ન થયું. સવા પાંચસે ધનુષ્યના શરીર પ્રમાણવાળા, અને સંખ્યાત પૂર્વના આયુષ્યવાળા ઉત્પન્ન થયા. માતપિતા કાળ કરીને દેવલોકમાં ગયા એવી રીતે વિમલવાહન કુલકરથી લઇને નાભિ કુલકર સાતમા કુલકર યુગલીયાના રાજા થયા તે પણ ત્રણે નીતિથી રાજ્ય કરવા લાગ્યા. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વોદ્ધારક–ભગવાન મહાવીર

(ગતાંગથી ચાલુ) —પૂ. આ. અશોકચંદ્રસૂરિ (ડહેલાવાળા)

સર્વજ્ઞ સર્વદર્શીય અને સર્વ શક્તિમાન એ પરમાત્માએ જગતને દિવ્ય સંદેશ પાઠવ્યો હતો કે અરે ભવ્યો ભૂલા કાં ભમો છો? આ જગતમાં કોઈ કોઈનું નથી! સૌ સ્વાર્થનાં સગાં છે. કોઈ આપણો દુશ્મન નથી. આપણી વસ્તુ આપણી પાસે છે. આત્મામાં અનંત જ્ઞાન અનંત શક્તિ સુખ અને સામર્થ્યનો ખજાનો ભર્યો છે. આત્માની આડે કર્મોના આવરણોને લીધે બધી શક્તિ એ બધું જ્ઞાન આપણું ઢંકાઈ ગયું છે. જેમ સૂર્યનાં પ્રકાશ આડા વાદળાં આવી જતાં અવરાઈ જાય છે, પણ જ્યારે જોરદાર પવન ફુંકાય છે. ત્યાં જ એ વાદળા વેરવિખેર થઇ જાય છે અને સૂર્યનો પ્રકાશ ચોમેર પથરાય છે. તેમ કર્મરૂપ વાદળાઓ અહિંસા, સંયમ અને તપરૂપ પવન દ્વારા જો વિખેરી નાખવામાં આવે તો આપણો આત્મા પણ પોતાના સ્વરૂપને પ્રગટાવી શકે છે. ત્રણે લોકના ત્રણે કાળના સમગ્ર ભાવોને ક્ષણ ક્ષણમાં પલટાવી દુનિયાને જાણવાની અને જોવાની તાકાત આપણા આત્મામાં છે.

આવું અપૂર્ણ તત્વજ્ઞાન આપી ભગવાન મહાવીરે જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. પ્રભુ મહાવીર એ કરૂણાના અવતાર, દયાના સાગર, સમતાના ભંડાર અને વિશ્વના ઉદ્ધારક હતા. આવા એક મહાપુરૂષની અજ્ઞાનતાથી બિચારા કંઇક આત્માઓ તુચ્છ-નાચી જ વ્યક્તિ સાથે સરખામણી કરવા તૈયાર થાય છે એ તો સૂર્યને ખદ્યોત આગિયા સાથે સરખાવવા જેવું છે અને રાજાને હજામ સાથે સરખાવવા જેવું છે. ભગવાન મહાવીરના સિદ્ધાંતોને જો જગત સારી રીતે સમજે તો જગતમાં આજે જે ચોમેર અશાંતિ અને કલેશની હોળી સળગી રહી છે તે આપોઆપ શમી જાય.

આજે ૨૫૦૦-૨૫૦૦ વર્ષ વીતવા છતાં એમનો યશોદેહ અમર છે. એમણે કહેલો જ્ઞાનનો પ્રકાશ આજે પણ ઝળહળી રહ્યો છે. જેને ઉદ્ધારની તમન્ના છે, જેને સુખ અને શાંતિની ઇચ્છા છે તેમણે ભગવાન મહાવીરે બતાવેલા માર્ગે ચાલવું પડશે. એમનો ઉપદેશ આચરણમાં મૂકવો પડશે. આજે તો અહિંસા અહિંસાના પોકારો જરૂર કરીએ છીએ પણ અહિંસાના નામે કેવી કત્લેઆમ ચલાવી રહ્યા છે? કેવા હિંસક ઉદ્યોગો અસ્તિત્વમાં આવી રહ્યા છે? ઉંદર સપ્તાહ જેવા સપ્તાહો ઉજવાય એ શું ભારત વર્ષમાં જન્મેલા આર્યોને શોભે છે?

પ્રભુ મહાવીર જગતના જીવોને કલ્યાણનો માર્ગ દર્શાવતાં જણાવ્યું કે આત્માનો ઉદ્ધાર કરવો હોય, સાચું સુખ અને સાચી શાંતિ પ્રાપ્ત કરવી હોય તો, જગતના તમામ જીવોનું રક્ષણ કરો. પછી ભલે તે નાનો હોય કે મોટો હોય, સૂક્ષ્મ હોય કે પરદેશનો હોય. ગમે તે જાતિ-યોનિ કુલ-ગણ અને ગમે ત્યાંનો હોય, સૌનું એક સરખી રીતે રક્ષણ કરો. કારણ સૌને સુખ ઇષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે. સૌ જીવવાને ચાહે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, કોઈ પણ જીવ મરવા નથી ચાહતો. વિષ્ટાનો કીડો વિષ્ટામાં રહીને પણ જીવનને ચાહે છે, કારણ સૌને જીવન પ્રિય છે. સૌને પ્રાણ વહાલા છે. સર્વસ્વના ભોગે પણ સૌ પોતાનું રક્ષણ કરવા માગે છે.

ચક્રવર્તી–ચક્રવર્તીનું અડધું રાજ્ય આપવા તૈયાર થાય તોય કોઇની તાકાત નથી કે જીવનની, આયુષ્યની એક પળ કોઈ વધારી શકે. માટે સૌથી વધુ કિંમતી જીવન છે. દરેકનો આત્મા સરખો છે. ભલે તે કીડી હોય, કુંજર હોય, નાનો કે મોટો હોય. એ જીવો પોતપોતાના કર્મ અનુસાર વિવિધ ગતિમાં પરિભ્રમણ કરે છે પણ આત્મા સૌનો સરખો છે. જેમ આપણને દુઃખ થાય છે. તેમ સૌને દુઃખ થાય છે. જરાક કાટો વાગતાં આપણે હાયવોય કરીએ છીએ, ત્યારે બીજા જીવોને ભાલા, બરછી, તીર કે તલવારથી કાપી નાંખવા એ શું ન્યાય છે? શું એને દુઃખ ન થાય?

હાથીના શરીરમાં આત્મા હાથી જેટલી જગ્યામાં ફેલાઈને રહે છે કીડીના શરીરમાં સંકોચાઈને રહે છે પણ સ્વરૂપે સૌ સરખા છે, સ્વરૂપે સૌ સરખા હોવા છતાં સૌ પોતપોતાના કર્મ અનુસાર સુખ દુઃખનો અનુભવ કરે છે. વિવિધ યોનિમાં ભ્રમણ કરે છે અને અનેકવિધ યાતનાઓના ભોગ બને છે. માટે જો સુખી થવું હોય તો બીજાને સુખી કરવાથી સુખ મળશે. "જીવો અને જીવવા દો" એ ભાવના પણ સંકુચિત છે. ભગવાન કહે છે પોતાના ભોગે પણ બીજાનું રક્ષણ કરો, કેવી ઉદાર ભાવના કેવી વિશાળ ભાવના. મેઘરાજા એક પારેવા ખાતર પોતાનું રક્તદાન આપવા તૈયાર થયા હતા.

ભગવાન શાંતિનાથનો આત્મા પૂર્વભવે મેઘરથ રાજા હતા. મેઘકુમારનો જીવ પૂર્વે હાથી હતો ત્યારે એ હાથી એક સસલાની ખાતર પોતાની પરવા ન કરતા સસલાનું રક્ષણ કરે છે. માટે સૌનું રક્ષણ કરો. સૌનું ભલું કરો. બૂરૂં કરે તેનું પણ ભલું કરો. આ દિવ્ય સંદેશ પાઠવી એમણે જગતના જીવોને કલ્યાણનો માર્ગ ચીંધ્યો. એમણે લલકાર્યું કે "મિતીમે સવ્વ ભૂએસુ" જગતના સઘળા પ્રાણીએ આપણા મિત્ર સમાન છે! મિત્રનું કોઇ અહિત કરવા તૈયાર થતું નથી, એ તો એક શરીરના અંગોપાંગ સમાન છે. જેમ આંગળી કપાય તોય આપણને દુઃખ અને અંગૂઠો કે હાથ કપાય તોય આપણને દુઃખ થાય છે. કારણ કે તે આપણું જ અંગ છે એમ દુનિયાના સમસ્ત પ્રાણીગણને જો આપણા અંગ તરીકે માનીએ તો કોઈને પણ હેરાન-પરેશાન કરવાની વૃતિ ન ઉદ્ભવે, કારણ એ મારા ભાઈ છે.

કેટલાક માનવ સેવાના નામે જનાવરોની કત્લેઆમ કરી નાંખે છે. આ વૃત્તિએ હિંસક વૃતિ છે, જનાવરમાં પણ જીવ છે. એ પણ જીવવા ચાહે છે. એને પણ જીવન પ્રિય છે એ બિચારા નિર્બળ અનાથ-મૂક અને પોતાનું દુઃખ વ્યક્ત કરવા અસમર્થ છે. બાકી એની આંખોમાં પણ દુઃખ આવી પડતાં અશ્રુની ધારાઓ વહેતી પણ જોઈ શકીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ. મનુષ્ય એક સબળ-બળવાન પ્રાણી છે. બળવાનની એ ફરજ છે કે નિર્બળનું પ્રથમ રક્ષણ કરવું. ઝરણાનાં પાણી પીનારા ઘાસચારો ચરી નિર્દોષ રીતે પોતાનું જીવન વ્યતીત કરનારા એવા નિર્દોષ જીવો ઉપર જુલ્મ ગુજારવો, તેના ઉપર છરી ચલાવવી કે એને નિર્દય રીતે પીડવા એ માનવનું કર્તવ્ય નથી. એ છે દાનવવૃતિ. એ છે પાશવી વૃતિ માટે સૌનું એક સરખું રક્ષણ કરો એ ઉપદેશ ભગવાન મહાવીરનો હતો અને છે.

ભગવાન મહાવીરે કરેલ કર્મનું બારીક સ્વરૂપ એ ખાસ જાણવા જેવું છે. જેના ઉપર હજારો લાખો શ્લોક પ્રમાણ વિવરણ છે. જીવ કોને કહેવાય? અજીવ કોને કહેવાય આત્મા કર્મના બંધનથી કેવી રીતે છૂટે વગેરે વગેરે ખૂબ સુંદર રીતે ઝીણવટપૂર્વક યુક્તિ દલીલથી સમજાવ્યું છે.

ભગવાન મહાવીરનો સ્યાદવાદ સિદ્ધાંત એ ખાસ જાણવા સમજવા જેવો છે. જૈન ધર્મનો એ પાયો છે. સઘળાય ધર્મને પોતાનામાં કેવી સુંદર રીતે સમાવી લે છે. માટે જ તેને સાગરની ઉપમા આપવામાં આવી છે. અન્ય દર્શનીઓ એક એક નયને, એક એક વસ્તુને અંગીકાર કરે છે માટે તે સરિતા નદી સમાન છે. બધી નદીઓ છેલ્લે સાગરમાં જઈને ભળે છે. સ્યાદવાદ એટલે સાપેક્ષવાદ. સ્યાદવાદ એટલે વસ્તુનું યથાર્થ કથન, સ્યાદવાદ કોઈ સંશયવાદ કહી યથેચ્છ પ્રલાપો કરવા તૈયાર છે એ એમની અનભિજ્ઞતાનો એક નમૂનો છે. એ સિદ્ધાંતને જો યથાર્થ સમજવામાં આવે તો સઘળાય વિરોધો સહેજે શમી જાય, રગડા-ઝગડા મટી જાય, અને સર્વત્ર શાંતિ સ્થપાય

અપરિગ્રહવાદની પ્રરૂપણા કરી જગતને સંતોષી જીવન ગાળવાનું શીખવ્યું જરૂરિયાતને ઓછી કરી લોભવૃતિ-પરિગ્રહવૃતિએ માણસને અસાંત અને આકુળ વ્યાકુળ બનાવી છે. ક્રોડો હોવા છતાં એમનાં જીવનમાંથી શાંતિ દૂર-સુદૂર ચાલી જાય છે, થોડું મળવા છતાં જો એમાં જ સંતોષ રાખવામાં આવે તો કરોડાધિપતિ કરતાં અધિક સુખ અનુભવે. એક સામાન્ય વ્યક્તિ સંતોષી જીવન ગાળીને સુખી થઈ શકે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતો અને શ્રાવકના બાર વ્રતોનું સ્વરૂપ દર્શાવી સાધુ ધર્મ ગૃહસ્થ ધર્મનું સુંદર દર્શન કરાવ્યું છે.

અહિંસા ધર્મનો વિજય વાવટો ફરકાવી તેમણે સમસ્ત પૃથ્વી તલ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેમનું નામસ્મરણ કરી, તેમના ગુણગાન કરી અને તેમણે ચીંધેલા માર્ગે ચાલી આપણે એમના જન્મ દિવસની સાચી ઉજવણી કરીએ.

એમણે કથન કરેલા સિદ્ધાંતો, એમણે કથન કરેલા આદર્શો જગતમાં વહેતા મૂકી આપણે સમાજ-રાષ્ટ્ર અને વિશ્વને સન્માર્ગે આણવાનો પ્રયાસ કરવા કટિબદ્ધ થવું જોઈએ, જેથી જગત સુખ, શાંતિ અને આબાદીનો અનુભવ કરે. ॐ શાંતિઃ શાંતિઃ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમપદપંથ

પંથ પરમ પદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે,
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.....૧

મૂળ પરમ પદ કારણ, સમ્યગ્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ,
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ.....૨

જે ચેતન જડ ભાવો, અવલોકયા છે મુનિન્દ્ર સર્વજ્ઞે,
તેવી અંતર આસ્થા, પ્રગટયે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.....૩

સમ્યક્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે,
સમ્યગ્ જ્ઞાન કહ્યું તે, સંશય, વિભ્રમ, મોહ ત્યાં નાસે.....૪

વિષયારંભ નિવૃત્તિ, રાગ–દ્વેષનો અભાવ જયાં થાય,
સહિત સમ્યગ્દર્શન, શુદ્ધાચરણ ત્યાં સમાધિ સદુપાય.....૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મ સ્વરૂપ જ્યાં થાય,
પૂર્ણ પરમ પદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.....૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આશ્રવ તથા બંધ,
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.....૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય,
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન્ મુનિરાય.....૮

—શ્રીમદ્ રાજચંદ્ર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકીર્ણક વિષયો

( લે. પ્રો. હીરાલાલ ૨. કાપડિઆ એમ.એ. )

## (૧) વોચ્છેજ્જગંડિયા (વ્યુચ્છેદગંડિકા)

આ એક પાઈય (પ્રાકૃત) કૃતિ છે. એમાં ૧૭૩ ગાથાઓ છે અને એ યોગસારગણિની રચના છે એમ બૃહટ્ટિપ્પનિકા (ક્રમાંક ૧૫૩) જોતાં જણાય છે. આ કૃતિની નોંધ એ 'વોચ્છેજ્જગંડિયા' તરીકે 'આગમોનું દિગ્દર્શન' નામના મારા પુસ્તક (પેજ ૧૯૪) માં લીધી છે. એ વિષયની દૃષ્ટિએ તિત્થોગાલિયનું સ્મરણ કરાવે છે. એની એક હાથપોથી સુરતના જૈનાનંદ પુસ્તકાલયમાં છે પરંતુ આ કે અન્ય કોઈ હાથપોથીની નોંધ જિનરત્ન કોશમાં નથી એથી એમ લાગે છે કે અન્ય હાથપોથી નહીં હશે. વાસ્તે આ પહેલી તકે પ્રસિદ્ધ કરાવી જોઇએ. યોગસારગણિ તે કોણ અને ક્યારે થયા તે તો ઉપર્યુક્ત હાથપોથી જોતાં જણાવાનો સંભવ છે.

## (૨) અષ્ટાધ્યાઈની અને પ્રાકૃત લક્ષણ

પાણિનિ નામના અજૈન વૈયાકરણે અષ્ટાધ્યાયી રચી છે. એમાંના કેટલાક સૂત્રો દસવેયાલિયચુહિહા કે જે અજ્ઞાત કતૃક છે અને જે 'ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા' તરફથી પ્રકાશિત થઈ છે તેનાં પત્ર ૬૧-૬૪, ૧૩૩ ૧૩૬ અને ૧૯૩-૧૯૩માં ઉત્કૃત કરાયાં છે.

ચંડે રચેલું પ્રાકૃત લક્ષણ તો ઉપલબ્ધ છે. એ પ્રકાશિત થયેલું છે જ્યારે પાહિણિયે રચેલું મનાતું આ નામનું પ્રાકૃત લક્ષણ મળી આવ્યું નથી. વ્યવહાર (વ્યવહાર) નામના છેદસૂત્ર ઉપર મલયગિરિસૂરિએ રચેલી વૃત્તિ (ભા. ૧, પત્ર ૫)માં તેમ જ પિણ્ડનિજ્જુત્તિ ઉપરની એમની વૃત્તિ (પત્ર ૮, ૧૩ અને ૪૬)માં આ અનુપલબ્ધ પ્રાકૃત લક્ષણનાં સૂત્રો અને તેના કર્તા પાણિનિ હોવાનો ઉલ્લેખ છે એમ એક સ્થળે જણાવાયું છે. આ બાબત વિચારી જોવા માટે આ બંનેમાંથી એકેય વૃત્તિ અત્યારે તો મારી સામે નથી.

## (૩) દંડકારણ્ય નામ શાથી અને ક્યારથી?

કુંભકારકટ કે કુંભકારકૃત નગરના નૃપતિ દંડકી (સં૦ દંડકિત્)ને પુરંદરયશા નામની પત્ની હતી. એ રાણી જિતશત્રુ અને ધારિણીના પુત્ર સ્કન્દકની બેન થતી હતી. એ સ્કન્દકે મુનિસુવ્રતસ્વામી પાસે દીક્ષા લીધી હતી. આ વેળા ધાર્મિક ચર્ચામાં એમણે દંડકીના પુરોહિત પાલકને હરાવ્યો હતો. તેથી ગુસ્સે થયેલા પાલકે એ સ્કન્દક મુનિને અને એમના પાંચસો શિષ્યોને તેલની ઘાણીમાં પિલાવી મારી નંખાવ્યા હતા. એ મુનિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિદાન કરી કાલાંતરે દેવ થતાં પૂર્વ ભવના વેરને લઈને એણે 'કુંભકારકૃત' નગરને તેમ જ એની આસપાસના બાર યોજન જેટલા વિસ્તારવાળા પ્રદેશને બાળી નાંખ્યા હતા. એ પ્રદેશનું-અરણ્યનું દંડકી રાજાના નામ ઉપરથી 'દંડકારણ્ય' નામ પડયું હતું.

'કુભકારકૃત' ઉત્તરાપથના સીમાડે આવેલું છે. એ જાતકોમાં નિર્દેશેલાયેલું 'કુંભવતી' હોવું જોઇએ એમ અનુમનાય છે. એ નાસિક પાસે આવેલાનું કેટલાક માને છે. નર્મદા અને ગોદાવરી વચ્ચે આવેલા એક વનનું નામ 'દંડ' છે.

## સદ્બોધ વચનામૃત

૪૦ અન્યને ત્રાસ આપનાર માણસ કરતાં પરિશ્રમ કરનાર બળદ અને ગર્દભ ઉત્તમ છે.

૪૧ પ્રભુની ઉદારતા ઇચ્છતો હોય તો તેણે પ્રભુનાં જ સંતાન તરીકે આ સૃષ્ટિની સાથે ભલાઇ કરવી જોઇએ.

૪૨ દિવસ પછી રાત અને રાત પછી દિવસની પેઠે ચડતી પડતી તો સર્વ કોઈને આવે છે જ. જે સમય આજે છે તે કાલે નહિ રહે.

૪૩ જે તમારી નિંદા કરે તેની તમે પ્રસંશા કરો, એમાં તમારી મોટાઇ છે.

૪૪ જો સામાના મુખમાંથી કડવાં વચન નીકળતાં અટકાવવા હોય તો તેના મુખમાંથી ઉદ્ગાર નીકળતા પહેલાં જ તમારાં મીઠાં વચન વડે તેના મુખને મીઠું બનાવી દો.

૪૫ તમારા પર જેણે પ્રથમ પુષ્કળ ઉપકાર કર્યો છે તેનાથી કદાચ થોડીક બુરાઈ થઈ જાય તો પણ તેને ક્ષમા કરજો.

૪૬ પરમ મિત્રથી પણ આપણો ગુપ્ત ભેદ છુપો જ રાખવો જોઈએ. કેમ કે આજ કાલના મિત્રો સહજ શહજમાં દુશ્મન બની જાય છે.

૪૭ એક માણસ બીજા માણસથી જેટલો બીએ છે, તેટલો જો તે ઇશ્વરથી ડરતો રહે તો તેનાથી કદી પણ બુરૂં કાર્ય થાય નહિ અને તે પ્રભુનો પાર્ષદ બની જાય.

૪૮ જે જોરાવર હાથીને જીતી શકે છે તેને મહાત્માઓ ખરો બહાદુર નથી કહેતાં; ખરો બહાદુર તો એ જ છે કે જે પોતાના કામ-ક્રોધાદિ અંતર શત્રુઓને જીતે છે.

૪૯ જરૂર હોય ત્યારે જ બોલવું સારૂં છે, બીન જરૂરે બોલવા કરતાં મૌન રહેવું અતિ ઉત્તમ છે.

૫૦ નિરપરાધીને શિક્ષા કરવી તે પોતાને જ શિક્ષા કરવા સમાન છે. કેમ કે તેને કોઇને કોઈ દિવસે એ કર્મના પરિણામે મહાન વિપત્તિમાં ફસાવું પડે છે.

સંગ્રાહક : **વીરચંદ પુંજમલ** (એક સદ્ગ્રંથમાંથી)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અખિલ ભારતીય જૈન સમાજની ધાર્મિક શિક્ષણ સંસ્થા

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ–મુંબઈ.

# ૬૬ મું ધાર્મિક પરીક્ષાઓનું પરિણામ

ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણના પ્રચારાર્થે આ સંસ્થા છેલ્લા ૬૬ વર્ષથી વાર્ષિક પરીક્ષાઓ યુનિવર્સીટીના ધોરણે લે છે. ભારતના ૪૩ સેન્ટરોમાં તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી ૧૯૭૪ ના ૬૬ મા ધાર્મિક પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષામાં કુલ ૨૩૧૧ વિદ્યાર્થી ભાઈ–બહેનો અને સાધ્વીજીઓ બેઠા હતા. તેમાંથી ૧૯૩૦ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થતાં ૮૩ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. દરેક ધોરણમાં પ્રથમ પાંચ ઇનામો ઉપરાંત પ્રોત્સાહન ઇનામો કુલ રૂા. ૩૧૨૩–૫૦ ફાળવવામાં આવ્યા છે. 'જૈન' પત્ર ભાવનગરમાં વિગતપૂર્ણ પરિણામ ખાસ પ્રગટ કરેલ છે.

સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારના ઉલ્લેખનીય નામો આ પ્રમાણે છે.

| ધોરણ | નામ | ગામ | ગુણ | ઇનામ |
|---|---|---|---|---|
| સંસ્કૃત વિશારદ | શ્રી ચંદ્રકાન્ત કાંતિલાલ | ખંભાત | ૧૭૬–૨૦૦ | ૧૦૧) |
| પ્રાકૃત વિશારદ | શ્રી ભદ્રિકાબેન ચંદ્રસિંહ | અમદાવાદ | ૧૬૭–૨૦૦ | ૧૦૧) |
| કર્મ વિશારદ | પૂ. સાધ્વીજી દિવ્યાસેનાશ્રીજી | ખંભાત | ૧૫૬–૨૦૦ | ૧૦૧) |
| વિનિત | પૂ. સાધ્વીજી જયંતપ્રભાશ્રીજી | ખંભાત | ૫૩–૧૦૦ | ૫૧) |
| ધોરણ ૬ ઠું | શ્રી રંજનબેન મનસુખલાલ | સાંગલી | ૭૦–૧૦૦ | ૫૬) |
| ધોરણ ૫ મું | શ્રી વાસંતીબેન ચીમનલાલ શાહ | ખંભાત | ૯૦–૧૦૦ | ૩૮) |
| ધોરણ ૪ થું | શ્રી મહેન્દ્રભાઈ ગાંગજી રાંભીયા | મુંબઈ | ૯૩–૧૦૦ | ૪૬) |
| ધોરણ ૩ જું | શ્રી અરૂણાબેન રમણલાલ શાહ | પુના | ૮૦–૧૦૦ | ૪૨) |
| ધોરણ ૨ જું | શ્રી શોભનાબેન ભીખુભાઈ શાહ | પુના | ૮૭–૧૧૦ | ૩૬) |
| ધોરણ ૧ લું | શ્રી કીર્તિકુમાર ચીમનલાલ શાહ | વરકાણા | ૯૨–૧૦૦ | ૩૨) |

આગામી ૬૭મી પરીક્ષા જાન્યુઆરી ૧૯૭૫માં પ્રથમ અઠવાડિયામાં લેવામાં આવશે.

ઠેકાણું :–
**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ**
ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે
વિજયવલ્લભ ચોક, કાલબાદેવી
**મુંબઈ–૪૦૦૦૦૨**
તા. ૧૫–૬–૧૯૭૪.

લિ. ભવદીય,
**શાંતિલાલ મગનલાલ શાહ**
**મનસુખલાલ તારાચંદ મહેતા**
માનદ્ મંત્રીઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આભાર અને સ્વીકાર

**શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ (ગુજરાતી)**

સંગ્રહકર્તા : **શ્રી ભોગીલાલ ગિ. શેઠ**

શ્રીમદ્ રાજ્યચંદ્રના વિચારોનો આ સરસ સંગ્રહ છે. સંગ્રહકર્તાએ શ્રીમદ્‌ના જુદા જુદા વિષય ઉપરના વિચારો વાંચનાર અને સંશોધકને ઉપયોગી થાય એ રીતે સુવ્યવસ્થિત રીતે કક્કાવારી પ્રમાણે ગોઠવેલ છે. તેથી વાંચનારને એ વધારે અનુકુળ પડે તેમ છે. આ સંગ્રહ આત્મ-હિતકારી વચનોનો સંગ્રહ છે અને તે સૌને ઉપયોગી થાય તેવો છે. શરૂઆતમાં શ્રીમદ્ રાજ્યચંદ્રજીનો ફોટો આપેલ છે અને પુસ્તકનું બાઇન્ડીંગ, ગેટઅપ વગેરે પણ સુંદર છે.

**પ્રકાશક : સર્વ સેવા સંઘ : વારાણસી ૧ (હિંદી)**

જૈન ધર્મ સાર :-આ ગ્રંથ જૈન ધર્મના આચાર્યોએ લખેલી ગાથાઓનો સંગ્રહ છે. જૈન દર્શનના વિષયો પર જુદા જુદા આચાર્યોએ લખેલી ગાથાઓ આમાં સંગ્રહાયેલી છે. કેટલીક ગાથા શ્વેતામ્બર સાહિત્યમાંથી તો કેટલીક દિગમ્બર સાહિત્યમાંથી લીધેલી છે. વાચકો જુદા જુદા ધર્મનો સાર ગ્રહણ કરી શકે અને જૈન ધર્મમાંથી પણ સાર ગ્રહણ કરી તુલના કરી શકે. એ રીતે ધર્મ સમન્વય સાધી શકાય એવી આશાથી આ સંગ્રહ તૈયાર થયેલ છે. વિદ્વદ્‌વર્ગ એ વાંચીને સંગ્રહકર્તાને યોગ્ય સૂચનો મોકલે એવી આશા છે.

જૈન ધર્મ : (હિન્દી) લેખક શ્રી રતનલાલ જૈન પ્રકાશક અખિલ ભારતવર્ષીય દિગમ્બર જૈન પરિષદ પબ્લીશીંગ હાઉસ, ૨૦૪ દરીબોકલાં દિલ્હી ૧૧૦૦૦૬,

આ પુસ્તકમાં લેખકે જૈન ધર્મના દરેક પાસા વૈજ્ઞાનિક દૃષ્ટિએ સરળ ભાષામાં સમજાવવા પ્રયાસ કરેલ છે. તેમાં જૈન ધર્મની બીજા ધર્મ સાથેની સમાનતા બતાવવા પણ પ્રયાસ કરેલ છે. ઐતિહાસિક, શ્વેતામ્બર દિગમ્બર ભેદ, જૈન કલા વગેરે વિષયો પર લેખકે પોતાના વિચારો દર્શાવેલ છે. અભ્યાસીએ વાંચવા યોગ્ય છે.

—**કી. જે. દોશી** એમ એ.

**અચલગચ્છના જ્યોતિર્ધરો લેખક : પાર્શ્વ.**

**પ્રકાશક : આર્યરક્ષિત પ્રાચ્ય-વિદ્યા.**

**સંશોધન મંદિર : પાલીતાણા.**

**હઃ શા કરમશીભાઈ ખેતશીભાઈ ખોના**

**કિંમત રૂા. ૧૨-૦૦**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ગયા અંકથી ચાલુ)

## વિશ્વમાન્ય ધર્મ

( દોહરા )

કાચ હીરા બે એક પણ,
ઉત્પતિ જુદી જાણુ,
કાચો ઉત્પતિ જન હાથ પણ,
હીરા છે જગ ખાણુ. ૧૩૩

કઠણુ વસ્તુ પોચી બને,
પોચી બને કઠણુ,
ફેરફાર સચીત્ર વિશ્વમાં,
મોક્ષ તદ્દન નક્કર. ૧૩૪

સ્વરને ભોગદી ભોગવે,
જાગે ન મેળવાય,
જાગે ભોગાદિ ભોગવે,
સ્વપ્ને ન જળવાય. ૧૩૫

ધર્મ એટલે આતમા,
કર્મ એ જ શરીર,
તત્વ બે સમજાય તો,
ભવ જળ તરીયે ધીર. ૧૩૬

ઉદ્યમ એટલે આતમા,
કર્મ એ જ શરીર.
બન્ને અનાદિ કાળના,
એક જ સરખા વીર. ૧૩૭

જ્યોતિમાં જ્યોતિ મળી,
મોક્ષે એવો પ્રેમ,
જગમાં જુદા સૌ વસે,
નહિ કોઈ કુશળ ક્ષેમ. ૧૩૮

રૂપી અરૂપી ભેદ પણ,
દષ્ટિ અપેક્ષા હોય,
ઘુવડ સૂર્ય ભાળે નહિ,
રૂપી અરૂપી જગ જોય. ૧૩૯

ઉર્ધ્વ સ્વભાવ છે જીવનો,
અર્ધો સ્વભાવ અજીવ,
પડયા વિરોધ સ્વભાવમાં,
મોક્ષ સંસાર પ્રદેવ. ૧૪૦

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ.

## જાજું શીખ્યા થોડું જાણો ?

તમે તમારા જીવનમાં હંમેશા એવું જીવન જીવજો કે કપટ અને ખટપટનો કદી આશરો લેશો નહિ આમ કરવાથી તમો ઘણા અનિષ્ટોથી બચી જશો અને ઘણા કર્મ બંધનથી મુક્ત રહેશો, આ કાનામાત્ર વિનાના બે શબ્દોનો ત્યાગ કરશો.

—બળવંત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. G. 50

# मुक्तिका सरल मार्ग

મૈત્ર્યાદિ ભાવયોગેન, શુભ ધ્યાન પ્રભાવતઃ ।
સુખં સુખેન પ્રાપ્નુવન્તિ, પ્રાણિનઃ મોક્ષં ન સંશયઃ ॥

જીવ અનાદિકાલસે ભવ ભ્રમણ કર રહા હૈ, મુક્તિકી પ્રાપ્તિ અત્યંત દુષ્કર હૈ। પરંતુ—

ચૌદહ રાજલોકકે સબજીવોંકે પ્રતિ,
હાર્દિક પ્રેમ ભાવ હોને પર,
ગુણવંત પરમેષ્ઠિ ભગવંતોંકે પ્રતિ,
ભક્તિભાવ ધારણ કરને પર,
સભી દીન દુઃખી પ્રાણિયોંકે પ્રતિ,
દ યા લુ તા લા ને પ ર,

તથા—

ધર્મ વિમુખ કઠોર હૃદયી જીવોંકે પ્રતિ,
મધ્યસ્થ-સમતાભાવ ધારણ કરને પર.

યહ પ્રાણી શુદ્ધ ધ્યેયપૂર્વક, શુભ ધ્યાનકે પ્રભાવસે, સુગમતા પૂર્વક, કર્મોંકે જાલસે છૂટકર અપને સહજ સચ્ચિદાનંદ પરમ બ્રહ્મ સિદ્ધ સ્વરૂપકો પ્રાપ્ત કર લેતા હૈ.

હે સુજ્ઞ! ઇસિ કલ્યાણ માર્ગ પર સદૈવ અગ્રસર બને રહો।

શિવમસ્તુ સર્વ જગતઃ

—શોરીલાલભાઈ.

પ્રકાશક: જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક: ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only